# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ


રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/પ૪/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ 3567-12     તારીખ : 22-5-19

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
તેજાભાઈ રણછોડભાઈ ઠુંમર
મું. પો. : બોરડી સમઢિયાળા -૩૬૦૩૭૦, તા. : જેતપુર , જી. : રાજકોટ ,
મોબાઈલ : ૯૯૭૯૫૯૭૨૬૧

વિષય : ઓડીટ રીકવરીના વીજબીલ બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : પ૪/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L.

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જેતપુર.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જેતપુર ગ્રામ્ય.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
E-Mail- forum.pgvcl@gebmail.com

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૪/ફવા–૪/૨૦૧૮-૧૯/ 3567-12** તા. 22-5-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૪/ફવા–૪/૨૦૧૮-૧૯

અરજદાર: તેજાભાઈ રણછોડભાઈ કુંમર ગામ: બોરડી સમઢિયાળા

રજૂઆત કરનાર: અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે તેના પુત્ર કિશોરભાઈ તેજાભાઈ કુંમર હાજર રહેલ છે.

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – જેતપુર

રજૂઆત કરનાર: કાર્યપાલક ઇજનેર શ્રી બી. કે દવે – વિભાગીય કચેરી જેતપુર

**:: ફોરમ ::**

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ.

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., ગ્રામ્ય વર્તુળ કચેરી – રાજકોટ

તારીખ: ૦૮.૦૫.૨૦૧૯

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૮.૦૫.૨૦૧૯ રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર તેજાભાઈ રણછોડભાઈ કુંમર બોરડી સમઢિયાળા - તેઓની અરજી ના નોંધણી નંબર : ૫૪/ફવા-૦૪/૨૦૧૮-૧૯ મા જણાવે છે કે, તેઓના ખેતીવાડી વીજજોડાણ ના મીટર માં ડિસ્પલે બંધ હોય – જે મીટર બદલવાની અરજી કરેલ – જે અન્વયે મીટર ના લેબોરેટરી રીપોર્ટ મુજબ યોગ્ય હોવા છતા – તેઓને ઓડિટ રીકવરી મુજબ રૂ.૧૬૦૧૦/૪૦ નુ બીલ અપાયેલ, આમ – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કોઈ પ્રકારની યોગ્ય તપાસ કર્યા વગર વીજબીલ અપાયેલ છે, જે ન્યાયિક ન હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત મુદ્દા નં ૨.૦ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવાયેલ કે - ફરિયાદી ગ્રાહક શ્રી તેજાભાઈ રણછોડ કુમર. ગ્રા.ન. 33૮૧૭/૦૧૭૯૮/૭. ટેરીફ- A2. હો.પા. – ૧૦. ગામ- બોરડી સમઢીયાળા. તા. જેતપુર. કનેકશન રીલીઝ તારીખ ૨૦/૦૧/૨૦૧૨ થી પેટા વિભાગીય કચેરી. જેતપુર ગ્રામ્ય હેઠળ ધરાવે છે.

3.1 તા. ૦૬/૦૪/૨૦૧૬ નાં રોજ ફરિયાદી અરજદારે તેઓનું વીજ મીટર બંધ હોય બદલી આપવા માટે અરજી આપેલ. જેનાં અનુસંધાને તા. ૨૧/૦૪/૨૦૧૬ નાં રોજ તેઓનું મીટર બદલી આપવામાં આવેલ. સદર મીટર તા. ૧૬/૦૬/૨૦૧૬ નાં રોજ ડીવીઝન લેબોરેટરી – જેતપુર માં તપાસતાં, સંયુક્ત ચકાસણી અહેવાલ મુજબ મીટર ફોલ્ટી માલૂમ પડેલ. જેતપુર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નું એપ્રિલ-૨૦૧૫ થી માર્ચ-૨૦૧૬ નાં સમયગાળા નું ઓડીટ થતાં ઓડીટ રીપોર્ટ નં. એએમઆર/સીઓ/આઈએ/એઆર/૧૦૪૫૦/તા.૦૧/૧૨/૧૭ પારા નં.૧.૫ (30) મુજબ ફોલ્ટી મીટર ની શોર્ટફોલ એવરેજ યુનીટ ૨૬૬૮૪ ની રિકવરી રૂ.૧૬૦૧૦.૪૦ નીકળેલ, જે નીચે મુજબ છે.

**PROPOSED AVERAGE BILL MONTHS**

| BILLING MONTH | CONSUMPTION Kwh | BILLING MONTH | CONSUMPTION Kwh |
|---|---|---|---|
| AUG-SEP-14 BILLED IN OCT-14 | 1645 | FEB-MAR 15 BILLED IN APR-15 | 191 |
| OCT-NOV-14 BILLED IN DEC-14 | 6057 | APR-MAY 15 BILLED IN JUN-15 | 0 |
| DEC-JAN-15 BILLED IN FEB-15 | 3593 | JUN-JUL 15 BILLED IN AUG-15 | 49 |
| TOTAL | 11295 | AUG-SEP 15 BILLED IN OCT-15 | 16 |
| Average Of Above | 3765 | OCT-NOV 15 BILLED IN DEC-15 | 40 |
| | | DEC-JAN 16 BILLED IN FEB-16 | 0 |
| | | FEB-MAR 16 BILLED IN APR-16 | 80 |
| | | APR-MAY 16 BILLED IN JUN-16 | 3060 |
| | | TOTAL | 3436 |

ઉપરોક્ત વિગતે અરજદાર પાસેથી નીચે મુજબ ની રીકવરી પ્રપોઝ કરાયેલ છે.

TO BE RECOVERED UNITS FROM FEB - 15 TO MAY - 16 - 3765*8 = 30120
ALREADY RECOVERED UNITS FROM FEB – 15 TO MAY - 16 - 3436
DIFFERENCE (RECOVERABLE UNITS & AMOUNT) - 26684 * 0.60 – **16010.40**

ફરિયાદી ગ્રાહક ની રજૂઆત છે કે "જે સમયગાળા ની ગણતરી કરીને આ ઓડિટ વીજ બિલ આપવામાં આવેલ છે તે સમયગાળા દરમિયાન અમારા બોર માં પાણી ખલાસ થઈ ગયું હતું. આમ અમારો વપરાશ ઘટી ગયેલ હતો અને આ કારણે વીજ બિલ પણ ઓછું થઈ ગયેલ હતું."

ઉપરોક્ત રિકવરી ઓડિટ થતાં નીકળેલ છે તે GERC - SUPPLY CODE-2015 નાં CLAUSE ૬.૫૮ મુજબ આપવામાં આવેલ છે. GERC - SUPPLY CODE-2015 નાં CLAUSE ૬.૫૮ મુજબ એવરેજ યુનીટ નું બિલ આપવામાં આવેલ હોય તે મુદત દરમિયાન સંબંધિત premises નાં કામકાજ અને/અથવા કબજા ની સ્થિતિ અંગે વપરાશકર્તા એ પુરા પડેલા કોઈ પુરાવાથી વીજળી ના વપરાશ પર અસર પડી હોય તો તે વિચારણા માં લઇ શકશે. પરંતુ અહીં ફરિયાદી ગ્રાહકે પીજીવીસીએલ ને જે-તે સમયે બોર માં પાણી ન હોવા બાબતે કોઈ પુરાવા રજુ કરેલ નથી. જેથી ઉપરોક્ત બિલ F એવરેજ મુજબ આપવામાં આવેલ તે પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી અંતર્ગત જ આપવામાં આવેલ છે. જે મજરે આપવાપાત્ર ગણાય નહીં.

વધુમાં, જણાવવાનું કે અહીં ઓડિટ દ્વારા પ્રપોઝ્ડ કરવામાં આવેલ રિકવરી મુજબ Recoverable Units 26684 પર ટેરિફ રેઇટ 0.60 પૈસા લીધેલ છે. પરંતુ સદર વીજ જોડાણ રીકવરી નાં સમયગાળા દરમિયાન A 3 કેટેગરી માં હોય, GERC TARIFF – 2015-16 મુજબ A 3 નો ટેરિફ રેઇટ 0.80 પૈસા છે. જેથી. 0.80 પૈસા મુજબ રિકવરી થવી જોઈએ.

| Unit | Tariff | Amount | | |
|---|---|---|---|---|
| Actual Amount to be Recovered - | 26684 | * | 0.80 Ps. | 21347.20 |
| Proposed Recovery as per Audit - | 26684 | * | 0.60 Ps. | 16010.40 |
| Shortfall Amount to be recovered | | | | 5336.82 |

આમ. રૂ. 5336.82 ની રિકવરી ફરિયાદી ગ્રાહક પાસે થી કરવાની થાય છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાવેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ શ્રી તેજાભાઈ રણછોડ ઠુમર, ગ્રા.નં.- ૩૩૮૧૭/૦૧૭૯૮/૭, ટેરીફ- A2, હો.પા. – ૧૦, ગામ- બોરડી સમઢીયાળા, તા. જેતપુર. કનેક્શન રીલીઝ તારીખ-૨૦/૦૧/૨૦૧૨ થી પેટા વિભાગીય કચેરી, અરજદાર ને એપ્રિલ-૨૦૧૫ થી માર્ચ-૨૦૧૬ નાં સમયગાળા નું ઓડીટ થતાં ઓડીટ રીપોર્ટ નં.એએમઆર/સીઓ/આઈએ/એઆર/ ૧૦૪૫૦/ તા.૦૧/૧૨/૧૭ પારા નં.૧.૫ (30) મુજબ ફોલ્ટી મીટર ની શોર્ટફોલ એવરેજ યુનીટ ૨૬૬૮૪ ની રિકવરી રૂ.૧૬૦૧૦.૪૦ રીકવરી નું બીલ આપેલ છે. જે સદર બીલ અરજદાર ને યોગ્ય ન લગતા ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૨ અરજદાર શ્રી દ્વારા તા.૦૬–૦૪–૧૬ ના રોજ મીટર બંધ હોય – બદલાવી આપવા પેટા વિભાગીય કચેરી માં અરજી આપેલ છે. જે અનુસંધાને – સામેવાળા દ્વારા તા.૨૧–૦૪–૧૬ ના રોજ સદર મીટર અરજદાર ના પ્રતિનીધી ની હાજરીમાં બદલાવેલ, જેની વિગત નીચે મુજબ છે.તેમજ, સદર મીટર ની તપાસણી માટે મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૨૮–૦૪–૧૬, તા.૦૫–૦૫–૧૬ અને તા.૧૨–૦૫–૧૬ ના રોજ હાજર રહેવા અરજદારને લેખીત પત્ર તા.૨૫–૦૪–૧૬ થી પાઠવેલ છે.

| Particulars | Old Meter Replace Dt.21-04-16 | Lab Report :16-06-16 |
|---|---|---|
| Make | Genus | Genus |
| Meter No | PG 275457 | PG 275457 |
| Capacity | 10-60 A | 10-60 A |
| C. Reading Remark | Display off | Display off, M.R.I. not downloaded, meter declared as faulty |

૪.૩ સદર અરજદારના ગ્રા.નં.- ૩૩૮૧૭/૦૧૭૯૮/૭, ટેરીફ- A2, પી.આર.ટી.–૧૪૫ મુજબ – વીજવપરાશ ની વિગત નીચે મુજબ છે.

| Month/ Year | 2015 | | | 2016 | | | 2017 | | | 2018 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | Status | Billed unit | C.R. | Status | Billed unit | C.R. | Status | Billed unit | C.R. | Status | Billed unit |
| Dec,Jan | 44805 | | 3593 | 45101 | L | 40 | 15215 | | 3413 | 37878 | | 3944 |
| Feb, Mar | 44996 | | 191 | 45101 | F | 80 | 19195 | | 3980 | 42876 | | 4998 |
| Apr,May | 44996 | | 0 | 3063 | M/C | 3060 | 23560 | | 4365 | 45797 | | 2921 |
| Jun,Jul | 45045 | | 49 | 5389 | | 2326 | 25706 | | 2146 | 47928 | | 2131 |
| Aug,Sep | 45061 | | 16 | 8290 | | 2901 | 27750 | | 2044 | 51593 | | 3665 |
| Oct, Nov | 45101 | | 40 | 11802 | | 3512 | 33934 | | 6184 | | | |
| Average | | | 648 | | | 1986 | | | 3688 | | | 3531 |

૪.૪ ૬.૫૮ મા કરાયેલ જોગવાઈ મુજબ ''ખામી યુક્ત / ચોરી ગયેલ / બંધ / બળેલ મીટર ના કેઈસ માં મીટર ખામીપૂર્ણ જણાય / જણાવાય તે તારીખ થી તરત અગાઉ ના છેલ્લા ૦૩ બીલીંગ અવધી ના સરેરાશ વીજવપરાશ ના બીલો ના આધારે ગ્રાહક ને બીલ આપવુ. પુરતી વિગતો પ્રાપ્ય ન હોય તો - તે પછી ની મુદત ના બે / ત્રણ બીલ ની અવધી દરમ્યાન થયેલ સરેરાશ વીજવપરાશ ગણતરીમાં લઈ શકાય. આ ખર્ચ અધિકતમ માત્ર ૦૩ બીલીંગ અવધી માટે વસુલવા પાત્ર થશે. પરંતુ, ઉકત મુદત દરમ્યાન સબંધિત મકાન ની કાર્યકારી અને / અથવા કબ્જાની સ્થિતી અંગે ગ્રાહકે કોઈ પુરાવો આપ્યો હોય, કે જેનાથી વીજળી વપરાશ પર અસર પડી હોય તો પરવાનેદાર તેને વિચારણામાં લેશે.''

૪.૫ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદ્દા ૪.૪ મુજબ ની વિગતે – સદર મીટર ખામીયુક્ત પહેલાના ૦૩ બીલીંગ દરમ્યાન વીજવપરાશ ની અવધી મુદ્દા નં.૪.૨ મુજબ નકકી થઈ શકે તેમ ન હોય, જેથી મીટર બદલ્યા પછી ની મુદત ના ૦૩ બીલ ની સરેરાશ ગ્રાહક ના લેઝર મુજબ વીજવપરાશ ની ગણતરી નીચે મુજબ કરેલ છે.

| Billing Month | Consumption- KW h |
|---|---|
| Jun,Jul-16 | 2326 |
| Aug,Sep-16 | 2901 |
| Oct, Nov-16 | 3512 |
| Total | 8793 |
| Average of above 03 bi monthly billing | 2913 |
| Average Per Day | 48.50 |

અરજદાર ના લેઝર મુજબ – માહે ફેબ્રુઆરી –૧૫ થી માહે નવેમ્બર –૧૫ સુધી મીટર રીડર દ્વારા રીડીંગ મુજબ બીલ અપાયેલ છે, મીટર સ્થીતી " F " તરીકે કોઈ બીલ અપાયેલ નથી. તેમજ, આ સમયગાળા નો એમ.આર.આઈ. અહેવાલ પીજીવીસીએલ દ્વારા રજુ કરાયેલ નથી. આવા સંજોગોમાં પીજીવીસીએલ દ્વારા રજુ કરાયેલ ઓડિટ રીપોર્ટ એનેક્ષર – ડી મુજબ માહે ફેબ્રુઆરી–૧૫ થી માહે નવેમ્બર –૧૫ સુધીના ઓડિટ રીકવરી કરી શકાય નહી.

વીજબીલ માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૬ માં મીટર સ્થીતી " L " મુજબ અને વીજબીલ માહે ફેબ્રુઆરી–માર્ચ–૧૬ માં મીટર સ્થીતી " F " મુજબ અને સદર ફોલ્ટી મીટર વીજબીલ માહે એપ્રીલ – મે– ૧૬ માં મીટર બદલી ની સ્થીતી " C " મુજબ વીજબીલ તા.૦૨–૦૬–૧૬ થી અપાયેલ છે. તેમજ, સદર મીટર તા.૨૧–૦૪–૧૬ ના રોજ બદલાવેલ છે. તે મુજબ અરજદાર પાસેથી નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૬.૫૮ મા કરાયેલ જોગવાઈ મુજબ – સદર કેઈસ મા, ૦૩ બીલીંગ અવધી માટે વસુલવા પાત્ર થતા હોય, જેની ગણતરી નીચે મુજબ છે.

| Billing Month | Consumption- KW h | Recovered- KW h | To be Recovered KW h |
|---|---|---|---|
| DEC-JAN 16 BILLED IN FEB-16<br>Billing Date : 19-02-16 | 2913 | 40 | 2873 |
| FEB-MAR 16 BILLED IN APR-16<br>Billing Date : 07-04-16 | 2913 | 80 | 2833 |
| APR-MAY-16 BILLED IN JUN-16<br>Billing Date : 02-06-16, Meter Change Date : 21-04-16<br>Faulty period Days-14 Days | 1360 | 0 | 1360 |
| Total | 7186 | 120 | 7066 |

૪.૬ સદર કેઈસ મા, – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પ્રપોઝ કરાયેલ ઓડિટ રીકવરી બીલ ઉપરોક્ત મુદ્દા ૪.૫ મુજબ ની વિગતે નિયમાધીન રીતે લાગુ પડતા ટેરીફ મુજબ – રીવાઇઝ કરી – લેખીતમાં વિગતવાર દિન–૧૫ માં અરજદાર ને અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ આપવા માટે – પીજીવીસીએલ ને સુચના આપવામાં આવે છે.

૪.૭ અરજદાર ની ફરીયાદ નો આ તબકકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(એન. ડી ધામેલીયા)
સભ્ય (ટેક)

Consumer Grievance Redressal Forum PGVCL Rajkot

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (ડ) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નુ સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં ૧, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ ૩૮૦૦૧૫ ફોન નં ૦૭૯-૨૬૩૦૬૮૨૬